C/233

# ગાંધીનગર મહાનગરપાલિકા (ગાં.મ.ન.પા.)
# ગાંધીનગર
## જાહેરાત ક્રમાંક: ૦૧ થી ૦૫/૨૦૨૩-૨૪ અંગેની વિગતવાર સુચનાઓ

(વેબસાઇટ એડ્રેસ http://ojas.gujarat.gov.in)

---

ગુજરાત સરકારશ્રી ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા શહેરી આરોગ્ય સેવાનું માળખું સુવ્યવસ્થિત કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા (ગાં.મ.ન.પા) ખાતે "ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેક્ટ" અંતઃર્ગતની જગ્યાઓ પર તદ્દન હંગામી ધોરણે ગુજરાત સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારીત નીચે દર્શાવેલ વર્ગ-૨ અને વર્ગ-3 ની જગ્યાઓ (નીચે પત્રકમાં દર્શાવેલ છે) કેટેગરી વાઇઝ ભરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. જેમાં વર્ગ-3ની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ફિક્સ પગારથી ભરવાની થાય છે. પ્રસ્તુત જગ્યાઓ માટે ઉમેદવારે http://ojas.gujarat.gov.in વેબસાઇટ પરથી તા. ૨૧/૧૦/૨૦૨૩ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા. ૦૫/૧૧/૨૦૨૩ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) દરમિયાન અરજી કરવાની રહેશે. અરજી કરવા અંગેની વિગતવાર સુચનાઓ આગળ ફકરા નંબર ૧૨ માં દર્શાવેલ છે.

| અ.નં. | જગ્યાનું નામ | પગાર ધોરણ (સાતમા પગારપંચ મુજબ) | જગ્યાની સંખ્યા | વય મર્યાદા | પસંદગીની પધ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | હેલ્થ ઓફીસર (વર્ગ- 2) | પે મેટ્રીક્ષ લેવલ-૯ માં ૫૩૧૦૦-૧૬૭૮૦૦ | ૦૪ | ૪૦ | સ્પર્ધાત્મક પરીક્ષા તથા ઇન્ટરવ્યુ |

| કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પછાત વર્ગ | આર્થિક નબળા વર્ગ | બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પછાત વર્ગ | આર્થિક નબળા વર્ગ |
| ૦૧ | --- | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | --- | --- | --- | --- |

નોંધ: રોસ્ટર અભિપ્રાય મુજબ હાલમાં દિવ્યાંગજન અનામતથી જગ્યા ભરવાની થતી નથી. પરંતું દિવ્યાંગ ઉમેદવાર ઉક્ત જગ્યા માટે અરજી કરી શકશે. તથા મહિલા અનામતની જગ્યા જો મહિલા ઉમેદવાર ઉપ્લબ્ધ ના થાય તો તે જ કેટેગરીના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

| અ.નં. | જગ્યાનું નામ | પગાર ધોરણ (સાતમા પગારપંચ મુજબ) | માસિક ફીક્સ પગાર | જગ્યાની સંખ્યા | વય મર્યાદા | પસંદગીની પધ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | ફિમેલ હેલ્થ વર્કર (વર્ગ- 3) | ૧૯,૯૦૦ – ૬૩,૨૦૦ | ૧૯૯૫૦ | ૨૭ | ૩૪ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા |

| કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|
| બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પછાત વર્ગ | આર્થિક નબળા વર્ગ | માજી સૈનિક અનામત | વિકલાંગ અનામત |
| ૧૧ | ૦૨ | ૦૪ | ૦૭ | ૦૩ | ૦૩ | ૦૨ |

| અ.નં. | જગ્યાનું નામ | પગાર ધોરણ (સાતમા પગારપંચ મુજબ) | માસિક ફીક્સ પગાર | જગ્યાની સંખ્યા | વય મર્યાદા | પસંદગીની પધ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૩ | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરુષ) (વર્ગ- ૩) | ૧૯,૯૦૦ – ૬૩,૨૦૦ | ૧૯૯૫૦ | ૩૦ | ૩૪ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા |

| કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|
| બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પછાત વર્ગ | આર્થિક નબળા વર્ગ | માજી સૈનિક અનામત | વિકલાંગ અનામત |
| ૧૩ | ૦૨ | ૦૪ | ૦૮ | ૦૩ | ૦૩ | ૦૨ |

| અ.નં. | જગ્યાનું નામ | પગાર ધોરણ (સાતમા પગારપંચ મુજબ) | માસિક ફીક્સ પગાર | જગ્યાની સંખ્યા | વય મર્યાદા | પસંદગીની પધ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ફાર્માસીસ્ટ (વર્ગ- ૩) | ૨૯,૨૦૦-૯૨,૩૦૦ | ૩૧૩૪૦ | ૦૬ | ૩૫ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા |

| કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પછાત વર્ગ | આર્થિક નબળા વર્ગ | બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પછાત વર્ગ | આર્થિક નબળા વર્ગ | માજી સૈનિક અનામત | વિકલાંગ અનામત |
| ૦૩ | --- | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | --- | --- | --- | --- | ૦૧ | --- |

**નોંધ: રોસ્ટર અભિપ્રાય મુજબ હાલમાં દિવ્યાંગજન અનામતથી જગ્યા ભરવાની થતી નથી. પરંતું દિવ્યાંગ ઉમેદવાર ઉક્ત જગ્યા માટે અરજી કરી શકશે.**

| અ.નં. | જગ્યાનું નામ | પગાર ધોરણ (સાતમા પગારપંચ મુજબ) | માસિક ફીક્સ પગાર | જગ્યાની સંખ્યા | વય મર્યાદા | પસંદગીની પધ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | લેબોરેટરી ટેકનીશીયન(વર્ગ- ૩) | ૨૯,૨૦૦-૯૨,૩૦૦ | ૩૧૩૪૦ | ૦૬ | ૩૬ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા |

| કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પછાત વર્ગ | આર્થિક નબળા વર્ગ | બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પછાત વર્ગ | આર્થિક નબળા વર્ગ | માજી સૈનિક અનામત | વિકલાંગ અનામત |
| ૦૩ | --- | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | --- | --- | --- | --- | ૦૧ | --- |

નોંધ: રોસ્ટર અભિપ્રાય મુજબ હાલમાં દિવ્યાંગજન અનામતથી જગ્યા ભરવાની થતી નથી. પરંતું દિવ્યાંગ ઉમેદવાર ઉક્ત જગ્યા માટે અરજી કરી શક્શે.

**નોંધ:**

(૧) જાહેરાત ક્રમાંક: ૦૨ માં દર્શાવેલ **ફિમેલ હેલ્થ વર્કર (FHW)** ની જગ્યાઓ ફક્ત મહિલા ઉમેદવાર માટે છે. આથી ફક્ત મહિલા ઉમેદવારોએ જ ઉમેદવારી નોંધાવવી.

(૨) જાહેરાત ક્રમાંક: ૦૩ માં દર્શાવેલ **મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (MPHW) (પુરુષ)** જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવાર માટે છે. આથી ફક્ત પુરુષ ઉમેદવારોએ જ ઉમેદવારી નોંધાવવી.

## ૨. શૈક્ષણિક લાયકાત તથા અનુભવ:-

| અ.નં. | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત તથા અનુભવ |
|---|---|---|
| ૧ | ૨ | 3 |
| ૧ | હેલ્થ ઓફીસર | શૈક્ષણિક લાયકાત:-<br>(૧) a degree of Bachelor of Medicine and Bachelor of Surgery (M.B.B.S) of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956; or possess any other qualification specified in first or second schedule to the Indian Medical Council Act,1956<br>(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં દર્શાવ્યા મુજબ કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું પ્રમાણપત્ર.<br><br>**નોંધ: સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવાર, સીધી પસંદગી માટે તેની/ તેણીની અરજીના સમયે ગુજરાત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ ૧૯૬૭ હેઠળ રજીસ્ટર થયેલા હોવા જોઇશે. ઉક્ત જગ્યા માટે અરજી કરવાના તબક્કે પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ધરાવતા ઉમેદવાર પણ અરજી કરી શક્શે.** |
| ૨ | ફીમેલ હેલ્થ વર્કર **(FHW)** | શૈક્ષણિક લાયકાત:-<br>(૧) માધ્યમિક અને/અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે. |

| | | |
|---|---|---|
| | | અને<br>(૨) સરકાર માન્ય સંસ્થામાંથી ફીમેલ હેલ્થ વર્કરની બેઝીક ટ્રેનીંગ અંગેના અભ્યાસક્રમની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે.<br>(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં દર્શાવ્યા મુજબ કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું પ્રમાણપત્ર. |
| ૩ | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર **(MPHW) (પુરુષ)** | <u>**શૈક્ષણિક લાયકાત:-**</u><br>(૧) માધ્યમિક અને/અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે,<br>**અને**<br>(૨) (અ) સરકાર માન્ય સંસ્થામાંથી મલ્ટી પરપઝ હેલ્થ વર્કરના અભ્યાસક્રમની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે,<br>**અથવા**<br>(બ) સરકારે માન્ય કરેલ સંસ્થામાંથી સ્વરછતા નિરીક્ષક (સેનેટરી ઇન્સ્પેકટર) અભ્યાસક્રમનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે.<br>(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં દર્શાવ્યા મુજબ કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું પ્રમાણપત્ર. |
| ૪ | ફાર્માસીસ્ટ | <u>**શૈક્ષણિક લાયકાત તથા અનુભવ:-**</u><br>(૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થાની ફાર્મસીમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે,<br>**અથવા**<br>(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થાની ફાર્મસીમાં ડીપ્લોમા ધરાવતો હોવો જોઇશે તથા સરકારમાં અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશનમાં ફાર્માસીસ્ટ તરીકે અથવા ઔષધાલય અથવા હોસ્પિટલમાં કંપાઉન્ડર તરીકેનો અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ ફાર્માસ્યુટિકલ (Pharmaceutical) (ઔષધો-દવાઓનું નિર્માણ, વેચાણ-વિતરણ કરતી હોય તેવી કંપની) કંપનીમાં ફાર્માસીસ્ટ અથવા મેડીકલ રિપ્રેઝન્ટેટીવ (પ્રતિનિધિ) તરીકેનો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે.<br>(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં |

C/२६७

| | | |
|---|---|---|
| | | દર્શાવ્યા મુજબ કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું પ્રમાણપત્ર. |
| ૫ | લેબોરેટરી ટેકનીશીયન | **શૈક્ષણિક લાયકાત:-**<br>(૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થાની કેમેસ્ટ્રી અથવા માઈક્રોબાયોલોજી અથવા બાયોકેમેસ્ટ્રીમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે.<br>**અથવા**<br>(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી લેબોરેટરી ટેકનિશ્યન અથવા મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન કોર્ષ અથવા મેડીકલ ટેકનોલોજીમાં ડીપ્લોમાં ધરાવતો હોવો જોઇશે **અથવા** મેડીકલ લેબોરેટરી ટેકનોલોજીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ધરાવતો હોવો જોઇશે **અથવા** એક વર્ષનો મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન ટ્રેનીંગનો કોર્ષ **અથવા** લેબોરેટરી ટેકનીશીયન કોર્ષ ધરાવતો હોવો જોઇશે.<br>(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં દર્શાવ્યા મુજબ કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું પ્રમાણપત્ર. |

**૩. દિવ્યાંગ ઉમેદવારો માટે:**

(અ) ઉપરોકત જગ્યાઓ માટે નીચે દર્શાવેલ નિયત દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. કોષ્ટકમાં દર્શાવ્યા સિવાયના અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહીં.

**કોષ્ટક-૧**

| જગ્યાનું નામ | | હેલ્થ ઓફીસર |
|---|---|---|
| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર |
| ૧. | શ્રવણની ખામી | HH- Hard of Hearing (40-70)% |
| ૨. | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | OA- One Arm, Dw- Dwarfism, LC- Leprosy Cured, AAV- Acid Attack Victim, SD- Spinal Deformity, SI- Spinal Injury |
| ૩. | સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | SLD- Specific Learning Disability, |

<u>કોષ્ટક-૨</u>

| જગ્યાનું નામ | | ફીમેલ હેલ્થ વર્કર (FHW) |
|---|---|---|
| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર |
| ૧. | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | LV- Low Vision |
| ૨. | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | OL- One Leg, CP- Cerebral Palsy, Dw- Dwarfism, AAV- Acid Attack Victim, SD- Spinal Deformity, SI- Spinal Injury |
| 3. | સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | ID-Intellectual Disability, MI- Mental illness |
| ૪. | બહેરાશ-અંધત્વ સહિતની કોલમ (૧) થી (3) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા | MD- Multiple Disabilities (40-70)% |

<u>કોષ્ટક-3</u>

| જગ્યાનું નામ | | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (MPHW) (પુરુષ) |
|---|---|---|
| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર |
| ૧. | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | LV- Low Vision |
| ૨. | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | OL- One Leg, CP- Cerebral Palsy, Dw- Dwarfism, AAV- Acid Attack Victim, SD- Spinal Deformity, SI- Spinal Injury |
| 3. | સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | ID- Intellectual Disability, MI- Mental illness |
| ૪. | બહેરાશ-અંધત્વ સહિતની કોલમ (૧) થી (3) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા | MD- Multiple Disabilities (40-70)% |

<u>કોષ્ટક-૪</u>

| જગ્યાનું નામ | | ફાર્માસીસ્ટ |
|---|---|---|
| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર |
| ૧. | શ્રવણની ખામી | D-Deaf, HH- Hard of Hearing (40-70)% |
| ૨. | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ | OL- One Leg, BL- Both Leg, CP- Cerebral Palsy, LC- Leprosy Cured, Dw- Dwarfism, AAV- Acid Attack |

c/૨૩૮

| | | |
|---|---|---|
| | એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | Victim, SD- Spinal Deformity, SI- Spinal Injury |
| 3. | સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | ASD(M)- Autism spectrum disorder (M), SLD- Specific Learning Disability, MI- Mental illness |
| ૪. | બહેરાશ-અંધત્વ સહિતની કોલમ (૧) થી (3) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા | MD- Multiple Disabilities (40-70)% |

કોષ્ટક-૫

| જગ્યાનું નામ | | લેબ ટેક્નીશિયન |
|---|---|---|
| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર |
| ૧. | શ્રવણની ખામી | D-Deaf, HH- Hard of Hearing (40-70)% |
| ૨. | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | OA- One Arm, OL- One Leg, BL- Both Leg, OAL- One Arm and One Leg, LC- Leprosy Cured, Dw- Dwarfism, AAV- Acid Attack Victim, SD- Spinal Deformity, SI- Spinal Injury |
| 3. | સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | ID- Intellectual disability , SLD- Specific Learning Disability, MI- Mental illness |
| ૪. | બહેરાશ-અંધત્વ સહિતની કોલમ (૧) થી (3) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા | MD- Multiple Disabilities (40-70)% |

(બ) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ક) સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ-૨ ની જોગવાઇ મુજબ બેંચમાર્ક દિવ્યાંગતા ૪૦ ટકા કે તેથી વધુ હોય તેવા ઉમેદવારોને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(3) મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ

(૪) સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી

6

(૫) બહેરાશ-અંધત્વ સહિતની કોલમ (૧) થી (૪) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા

(ખ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ગ) દિવ્યાંગ ઉમેદવારો તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ થી નિયત થયેલ નમૂનામાં અથવા રાજય સરકાર કે ભારત સરકારે આ હેતુ માટે માન્ય કર્યા મુજબ સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જણાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્ર રજૂ કરવામાં નહી આવે તો દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

(ઘ) દિવ્યાંગ માટે અનામત જગ્યાઓ તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓની ગણતરી તેઓ જે કેટેગરીના (બિન અનામત/ અનુ. જાતિ/ અનુ. જનજાતી/ સા.શૈ.પ. વર્ગ / આ.ન. વર્ગ) હશે. તે કેટેગરીમાં તેમનો સમાવેશ કરવામાં આવશે.

**૪. કોમ્પ્યુટર જ્ઞાન અંગેની લાયકાત:-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નં. સીઆરઆર/૧૦-૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી કે વખતોવખત નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પ્રાથમિક જ્ઞાન (બેઝિક નોલેજ) ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઇએ અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેનું કોઇપણ ડીગ્રી અથવા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેના પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ.

**૫. હિન્દી અને ગુજરાતી ભાષાનું પુરતું જ્ઞાન અને ગુજરાતી ભાષા પર પ્રભુત્વ હોવું જોઇશે.**

**૬. રાષ્ટ્રીયતા – ઉમેદવાર**

(ક) ભારતનો નાગરિક હોય, અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય, અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન હોય, અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત હોય, જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી સન ૧૯૬૨ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખ પહેલાં ભારતમાં આવ્યો હોય,
અથવા

(ચ) મુળ ભારતીય વ્યક્તિ હોય, જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રીકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝામ્બીઆ, મલાવી, ઝૈર, ઇથિયોપિયા, અથવા વિયેતનામમાંથી સ્થળાંતર કરીને આવેલા હોવા જોઇએ:

C/૨૭૨

પરંતુ પેટા ક્રમાંક (ખ), (ગ), (ઘ) અને (ચ) વર્ગ હેઠળ આવતા ઉમેદવારના કિસ્સામાં સરકારે પાત્રતાનું પ્રમાણપત્ર આપેલું હોવું જોઇએ.

૭. વયમર્યાદા:-

- ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
- ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી હોવી જોઇશે નહી અને ઉપલી વય મર્યાદા ઉપર પત્રકમાં દર્શાવેલ પ્રમાણે સબંધિત જગ્યા માટે હોવી જોઇશે.
- ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે મળવાપાત્ર તમામ છૂટછાટ સાથે કોઇપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઇશે નહીં.
- તમામ જગ્યાના ઉમેદવારોને નીચેની વિગતે વય મર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.

| | | |
|---|---|---|
| ૧. | બિન અનામત (સામાન્ય મહિલા ઉમેદવારો) | પાંચ વર્ષ |
| ૨. | મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના પુરુષ ઉમેદવારો | પાંચ વર્ષ |
| ૩. | મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે) |
| ૪. | માજી સૈનિક ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫. | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ |

- **અનામત વર્ગોના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહી.**

૮. વયમર્યાદા અને ભરતી માટેની જરૂરી શૈક્ષણિક લાયકાત માટે નિર્ધારિત તારીખ:- તમામ ઉમેદવારના કિસ્સામાં અરજી કરવાની અંતિમ તારીખને વયમર્યાદા નક્કી કરવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. જાહેરાતમા દર્શાવેલ તમામ લાયકાત માટે માટે તા. ૦૫/૧૧/૨૦23 CUT OFF DATE ગણવાની રહેશે.

**૯. વર્ગ-3 ના કર્મચરીઓને નાણાં વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ મુજબના માસિક ફીક્સ પગારથી પાંચ વર્ષ માટે તેમજ નાણાં વિભાગના તા. ૨૮/03/૨૦૧૬ અને તા. ૧૬/૧૦/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-3)-ઝ.૧ ની શરતો અને બોલીઓને આધિન નિમણૂક આપવામાં આવશે. પાંચ વર્ષની સેવા સંતોષકારક રીતે પુર્ણ કરનાર ઉમેદવારને જે તે જગ્યા ઉપર નિયમિત નિમણુંક આપવા અંગે વિચારણા કરવામાં આવશે. જે તે જગ્યાના નિયમિત નિમણુંકના પગારધોરણની વિગતો ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ છે.**

૧૦. પસંદગી પ્રક્રિયા:-

જાહેરાતની જગ્યાઓ ઉપર પસંદગી માટે ઉમેદવારે ઉપર પત્રકમાં દર્શાવેલ વિગતે સ્પર્ધાત્મક પરીક્ષા અને/અથવા રૂબરૂ મુલાકાત ની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પરંતુ ગાંધીનગર

મહાનગરપાલિકાને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે. તે બાબતે આખરી નિર્ણય મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગરનો રહેશે તથા જે તે જગ્યા માટેનો સ્પર્ધાત્મક પરીક્ષા માટેનો અભ્યાસક્રમ આ સાથે સામેલ પત્રક ૧ થી ૫ મુજબનો રહેશે.

(ક) **વર્ગ - ૩ ની જગ્યા માટેની પસંદગી યાદી (મેરીટ લીસ્ટ) સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના** આધારે તૈયાર કરવામાં આવશે તથા **વર્ગ - ૨ ની જગ્યા માટેની પસંદગી યાદી (મેરીટ લીસ્ટ) સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણ તથા રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના કુલ ગુણના** આધારે તૈયાર કરવામાં આવશે.

(ખ) સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકારશ્રીના તા. ૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ અન્વયે પ્રસ્તુત ભરતી પ્રક્રીયા હેઠળની જગ્યાઓ માટેની પ્રતિક્ષા યાદીની મુદત ૦૨ વર્ષની રહેશે. જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભાના ઠરાવ નંબર ૫૩૦, તા. ૨૫/૦૭/૨૦૨૩ અન્વયે ભરતીની જગ્યાની સંખ્યાના ૨ (બે) ગણા ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવવાનો નિર્ણય કરવામાં આવેલ હોવાથી ભરતીની જગ્યાની સંખ્યાના ૨ (બે) ગણા ઉમેદવારોની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે. **પ્રતિક્ષાયાદી એ પસંદગી યાદી નથી.**

(ગ) જો એક કરતા વધુ ઉમેદવારોએ એક સરખા ગુણ મેળવેલ હોય તો તે પૈકી જન્મ તારીખ મુજબ વધુ વય ધરાવતા ઉમેદવારને મેરીટ ક્રમમાં અગ્રતા ક્રમ આપવામા આવશે. અને જો કોઇ ઉમેદવારોના ગુણ અને જન્મ તારીખ બન્ને સરખા હોય તો શૈક્ષણિક લાયકાતની મેરીટ મુજબ મેરીટમાં અગ્રતા આપવામાં આવશે.

(ઘ) આ ભરતી પ્રક્રીયા બાબતે અરજીઓની સંખ્યા ધ્યાને લઇ જગ્યાને અનુરૂપ એલીમીનેશન ટેસ્ટ/ સ્પર્ધાત્મક પરીક્ષા/ઇન્ટરવ્યુ અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગર પાલિકા નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે.

**૧૧. પરીક્ષા ફી:-**

- ફોર્મ ભરતી વખતે કેટેગરી સિલેક્ટ કરી ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- જ્યારે ઉમેદવારો OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમિટ કરે ત્યારે પરીક્ષા ફી પેટે સામાન્ય કક્ષાના ઉમેદવારોએ **વર્ગ-૨** ની જગ્યા માટે **રૂ. ૫૦૦** (મહિલા ઉમેદવાર, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સમાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક નબળા વર્ગ, એક્સ-સર્વિસમેન, શારીરિક ખોડખાપણ ધરાવતાં ઉમેદવારો માટે પરીક્ષા ફી ના ૫૦% ફી ભરવાની રહેશે.) તથા **વર્ગ-૩** ની જગ્યાઓ માટે **રૂ. ૩૦૦** (મહિલા ઉમેદવાર, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સમાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક નબળા વર્ગ, એક્સ-સર્વિસમેન, શારીરિક ખોડખાપણ ધરાવતાં ઉમેદવારો માટે પરીક્ષા ફી ના ૫૦% ફી ભરવાની રહેશે.) ઓનલાઇન ભરવાના રહેશે.
- પરીક્ષાની અરજી ફી ઓનલાઇન જમા કરાવવા માટે **"Online Payment of Fee"** ઉપર કલીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં **"Net Banking of fee"** અથવા **"Other Payment Mode"** ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું સ્ક્રીન પર લખાયેલું આવશે અને **e-receipt** મળશે જેની **Print** કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો સ્ક્રીન (Screen) પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા

મળશે. વધુમાં સંલગ્ન બેંક ચાર્જિસ ઉમેદવારે ભરવાના રહેશે. જો કોઇ ઉમેદવાર એક કરતાં વધુ અરજી કરશે તો કરેલ અરજી માટે ભરેલ ફી પરત કરવામાં આવશે નહીં. આ ચલણ / **e-receipt** તથા **Confirm** થયેલ અરજી પત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે અરજી પત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણ/**e-receipt** ની નકલ સાથે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીમાં રૂબરૂ આપી જવાના રહેશે.

- અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.
- ફી ભરપાઇ કર્યા બાદ, કોઇપણ સંજોગોમાં ફી પરત મળવાપાત્ર થશે નહીં અથવા બીજી પરીક્ષા માટે આવી ફીને ધ્યાને લઇ શકાશે નહી.
- એક વખત અરજી કર્યા પછી અરજી પરત ખેંચવાની કે રદ કરવાની વિનંતી કોઇપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.

## ૧૨. અરજી કરવાની રીત:-

આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તા. ૨૧/૧૦/૨૦૨૩ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા. ૦૫/૧૧/૨૦૨૩ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) દરમિયાન http://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in પર જવું. હવે (૨) **"Apply Online" Click** કરવું. (૩) પસંદગીની જગ્યા પર **Click** કરવાથી જગ્યાની વિગતો મળશે. (૪) તેની નીચે **"Apply Now"** પર **Click** કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. અહી લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૫) **"Personal Details"** ભરાયા બાદ **"Educational Details"** ભરવા માટે **"Educational Qualifications"** પર **Click** કરવું. (૬) તેની નીચે **"Self Declaration"** પર **Click** કરવું. ત્યાર બાદ (૭) ઉપરની શરતો સ્વીકારવા માટે **"Yes"** પર **Click** કરવું. હવે અરજી પુર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૮) હવે **"Save"** પર **Click** કરવાથી તમારી અરજી ઓનલાઇન સ્વીકાર થશે. (૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો **"Application Number" Generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૦) હવે **"Upload Photograph"** પર **Click** કરો. અહીં તમારો **"Application Number"** ટાઇપ કરો અને તમારી **Birth date type** કરો, ત્યાર બાદ **OK** પર **Click** કરવું. અહી **Photo** અને **Signature Upload** કરવાના છે. **(Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. લંબાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી**)** **(Photo** અને **Signature Upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature jpg format**માં (૧૫ કે.બી.) સાઇઝથી વધારે નહી તે રીતે સ્કેન કરી કોમ્પ્યુટરમાં સેવ કરેલા હોવા જોઇએ.**)** **"Browse" Button** ની બાજુમાં **"Upload" Button** પર **Click** કરો. હવે **Choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં **.jpg format** માં તમારો **Photo store** થયેલ છે, તે ફાઇલને **select** કરો અને **"Open Button"** ને **Click** કરો. હવે **"Browse" Button** ની બાજુમાં **"Upload" Button** પર **click** કરો. હવે તમારો **Photo** દેખાશે. હવે આજ રીતે **Signature** પણ **upload** કરવાની રહેશે. (૧૧) હવે પેજના ઉપરના ભાગમાં **"Confirm Application"** તથા **Birthdate type** કર્યાબાદ **OK** પર **click** કરવાથી ૨ બટન (૧) **OK** (૨) **Confirm Application** દેખાશે. તે કન્ફર્મ કર્યા પછી કોઇપણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહીં. સંપુર્ણ ચકાસણી બાદ જો

અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ **Confirm Application** પર **Click** કરવું. તેથી ઉમેદવારની અરજીનો ઓનલાઇન સ્વીકાર થઇ જશે. અહી **Confirm number generate** થશે. જે હવે પછીને બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ. ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૨) હવે **Print Application** પર **Click** કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૩) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા ૧૧ માં આપેલ સુચનાઓ અનુસાર ફી ઓનલાઇન જમા કરાવવી. અરજી કન્ફર્મ કર્યાબાદ ફી ન ભરનાર ઉમેદવારની ઉમેદવારી રદ ગણાશે.

**૧૩. સામાન્ય શરતો:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગ પૈકી એક અથવા એકથી વધારે સંવર્ગ માટે અરજી કરી શકશે તથા દરેક સંવર્ગ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

(૨) તથા એક સંવર્ગ માટે એક જ વખત અરજી કરવાની રહેશે. જો કોઈ એક સંવર્ગમાં એક કરતાં વધું અરજી કરવામાં આવેલ હશે તો છેલ્લે કરેલ અરજી માન્ય ગણાશે.

(3) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ અને તેની સંખ્યામાં વધ – ઘટ થવાની શક્યતા છે.

(૪) જાહેરાતમાં જે તે કેટેગરી માટે જે જગ્યાઓ અનામત જાહેર કરેલ છે. તે જ કેટેગરીના અનામત વર્ગોના ઉમેદવારોને જ ઉપલી વયમાર્યાદામાં સરકારશ્રીના નિયમોનુસાર છુટછાટ મળશે. તેમ છતાં મહિલા ઉમેદવારોને નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ **વધુમાં વધુ ૪૫ વર્ષ**ની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

(૫) જે તે કેટેગરી માટે જો જગ્યા અનામત તરીકે જાહેર કરવામાં ન આવી હોય તેમ છતાં સંબંધિત અનામત કક્ષાના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ વયમર્યાદા સહીતની અન્ય તમામ લાયકાતો સંતોષતા હોય તો તેવા ઉમેદવારો પણ જે તે જગ્યા માટે ઉમેદવારી નોંધાવી શકશે.

(૬) જે જગ્યાઓ SEBC (સા. અને શૈ. પ. વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે. તેવા SEBC (સા. અને શૈ. પ. વર્ગ) ના ઉમેદવારોએ તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૦૫/૧૧/૨૦૨૩ દરમિયાન ઇસ્યુ થયેલ નોન ક્રિમિલેયર/ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પરિશિષ્ઠ-ક અથવા નવા પરિશિષ્ઠ-૪ મુજબ ગુજરાતી નિયત નમુનાનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(૭) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રિમિલેયર/ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતાં હોવા જોઇએ. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો ધ્યાને લેવામાં આવશે નહીં.

(૮) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ તેમની આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના હોવા અંગેનું પ્રમાણપત્ર સક્ષમ સત્તા દ્વારા નિયત નમૂનામાં (અંગ્રેજીમાં એનેક્ષર- ખ અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ- ગ ) આપવામાં આવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓન-લાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આર્થિક રીતે નબળા વર્ગના હોવા અંગેનું પ્રમાણપત્ર તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૦૫/૧૧/૨૦૨૩ દરમિયાન ઇસ્યુ થયેલ હોવું જોઇશે.

c|૧૩૪

(૯) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના **૫%** ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂંક સમયે પુન: લગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત, ગાંધીનગર મહાનગરપાલિકા માંગે ત્યારે તેના તમામ પુરાવા ગાંધીનગર મહાનગરપાલિકામાં અસલમાં રજુ કરવાના રહેશે.

(૧૦) એથ્લેટીક (ટ્રેક અને ફીલ્ડ રમતો સહીત) બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વીમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઇટ લીફ્ટીંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલીંગ, જીમ્નેસ્ટીકસ, જુડો, રાઇફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડ બોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સીટી અથવા અખિલ ભારતશાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના **૫ (પાંચ) ટકા** ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર ગાંધીનગર મહાનગરપાલિકા માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે.

(૧૧) સ્પર્ધાત્મક પરીક્ષાના સ્થળે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે.

(૧૨) સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું સ્થળ, સમય અને તારીખ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નિયત કરવામાં આવશે.

(૧૩) અરજદારે ઓન લાઇન અરજી કરવાની રહેશે. ઓન લાઇન અરજી સાથે કોઇ પ્રમાણપત્રો કે દસ્તાવેજ સામેલ કરવાના રહેશે નહીં.

(૧૪) ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકારી હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ કોર્પોરેશનની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી રદ કરવામાં આવશે.

- કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજું કરવાનું રહેશે.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ **ના વાંધા પ્રમાણપત્ર** અસલમાં રજુ કરવાનું રહેશે. (સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૧૧/૧૯૮૯ ના પરીપત્ર ક્રમાંક : એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ-૨)

(૧૫) પસંદગી યાદીમાં સમાવિષ્ટ અને નિમણુંકને પાત્ર હોય તેવા ઉમેદવારો મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર દ્વારા ઠરાવવામાં આવે તેવી શારીરિક યોગ્યતાની તબીબી તપાસ પસાર કરવાની રહેશે. આવી શારીરિક યોગ્યતાની તબીબી તપાસ પસાર ન કરનાર

ઉમેદવાર નિમણુંકને પાત્ર બની શકશે નહીં. આવા ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ્ કરવામાં આવશે.

(૧૬) પસંદગી યાદીમાં સમાવિષ્ટ અને નિમણૂંકને પાત્ર હોય તેવા ઉમેદવારે મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર ઠરાવે તેવા નમુનામાં અને તેમની સૂચના મુજબ સારા ચારિત્ર્ય અંગેના પુરાવા રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજુ ન કરનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બનશે નહીં અને આવા ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ્ કરવામાં આવશે.

(૧૭) મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગરને સંતોષ થાય કે સંબંધિત ઉમેદવાર ફી સહિતની તમામ આવશ્યક જરૂરીયાત સંતોષે છે. તો જ તેવા ઉમેદવારને સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

**૧૪. <u>સામાન્ય સૂચનાઓ:-</u>**

(૧) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને આ વિગતોના આધારે સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના પુરાવાઓ ગાંધીનગર મહાનગરપાલિકા માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે "રદ્" ગણવામાં આવશે.

(૨) અરજદારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળ થી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૩) ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો UPLOAD કરે છે. તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવાના રહેશે. તેમજ ગાંધીનગર મહાનગરપાલિકા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે.

(૪) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર/ઈ-મેઈલ આઈડી દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર એસ.એમ.એમ./ઈ-મેઈલ આઈડી થી મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહીં. સદરહું ભરતી સબંધિત સૂચનાઓ માટે ઉમેદવારે ઓજસની વેબ સાઇટ <u>https://ojas.gujarat.gov.in/</u> ની મુલાકાત લેવી.

(૫) વર્ગ-૩ ના લાયક ઉમેદવારને પ્રથમ પાંચ વર્ષ માટે કરાર આધારિત ફીક્સ પગારે નિમણુંક આપવામાં આવશે. વર્ગ-૩ની જગ્યાના ફીક્સ પગારની વિગતો ઉપર પત્રકમાં દર્શાવેલ છે. પાંચ વર્ષના કરારીય સમયગાળા દરમ્યાન સંબંધિત ઉમેદવારે જે તે જગ્યાના ભરતી નિયમો મુજબ ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો ૨૦૦૬ અથવા ગાંધીનગર મહાનગરપાલિકા ઠરાવે તેવી કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા તથા પુર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાના નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પરીક્ષાઓ પાસ કરવાની રહેશે.

(૬) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

(૭) ઉમેદવાર પોતે કોઇપણ સંવર્ગની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણુંક કરનાર

સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે મહાનગરપાલિકાની સેવા સારૂ તે ધી ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ / ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણુંક 'રદ' કરીને પડતો મુકી શકાશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૮) આ ભરતી પ્રક્રિયા સંપુર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધીન રહેશે.

(૯) આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ગાંધીનગર મહાનગરપાલિકાને સંપુર્ણ હક્ક / અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

(૧૦) વેબસાઇટ નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ છે.

(૧૧) આ જાહેરાત અન્વયે સંભવત: ડિસેમ્બર-૨૦૨૩ માં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. તે ધ્યાને લઇ ઉમેદવારોએ પરીક્ષાલક્ષી તૈયારી કરવી.

(૧૨) ઉક્ત તમામ જગ્યાઓના મહેકમ ખર્ચની નાણાંકીય જોગવાઇ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા થનાર છે. તથા તે અનુસાર રાજય સરકારશ્રીને જરૂર જણાય તો ઉક્ત મહેકમ ને રાજય સરકારમાં પ્રતિનિયુક્તિ પર લઇ શકશે. આવા પ્રતિનિયુક્તિ વાળા મહેકમને રાજય સરકાર રાજય ના કોઇપણ સ્થળે ફરજ બજાવવા મુકી શકશે એટલે કે, સદર તમામ જગ્યાઓ બદલીને પાત્ર છે.

(૧૩) સદર કર્મચારી ગાંધીનગર મહાનગર પાલિકાના કર્મચારી ગણાશે નહીં.

(૧૪) ગાંધીનગર મહાનગર પાલિકા કે અન્ય સરકારી/ અર્ધ સરકારી સંસ્થામા ફરજ બજાવતા ઉમેદવારો જો ઉક્ત જગ્યાએ પસંદગી પામશે તો તેઓએ મુળ જગ્યાએથી રાજીનામું મંજુર કરાવ્યા બાદ જ નિમણૂકની જગયાએ હાજર થવાનું રહેશે તેમજ તેઓની અગાઉની બજાવેલ ફરજનો સમયગાળો નિયમબધ્ધ કરી શકાશે નહી/ ગણતરીમાં લેવામા આવશે નહી.

(૧૫) ગાંધીનગર મહાનગરપાલિકા જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે અધ્યક્ષ, સભ્ય, પદાધિકારી અથવા કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોને આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારોની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બિભત્સ બાબત સહીતની અપ્રસ્તુત બાબત

લખવા માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુંક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે, (૧૧) પુર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ઠ કરેલા તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી અથવા (૧૨) પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પત્રોમાં આપવામાં આવેલી કોઇપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત (ક) ગાંધીનગર મહાનગરપાલિકા તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તો તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે અથવા (ખ) (૧) ગાંધીનગર મહાનગરપાલિકા સીધી પસંદગી માટે લેવાની કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઇપણ રૂબરૂ મુલાકાત થી અથવા (૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઇપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ઠ મુદ્દત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.

તારીખ:-૧૬/૧૦/૨૦૨૩
સ્થળ:- ગાંધીનગર.

નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર.

પરિશિષ્ટ-૧

# Part-1

## Preliminary Examination

## Syllabus for Health Officer

**200 Marks**

**1. ANATOMY**

Anatomical Terminology, Gross Anatomy of the Hip joint, shoulder joint, Heart, Lungs, Spleen, Kidneys, Uterus, Ovaries, Coronary Circulation, Thyroid, Pancreas, Gross Anatomy of carotid - vertebral system. Gross anatomy of Thalamus and internal capsule.

**2. PHYSIOLOGY AND BIOCHEMISTRY**

Neurophysiology of sensory receptors, reticular formation, cerebellum and basal Ganglia. Regulation of function of male and female gonads, including physiology of lactation and menstruation. Mechanical and electrical properties of the heart, ECG, Cardiac cycle. Regulation of cardiovascular function, Regulation of respiration. Absorption, Digestion, Metabolism of fats, carbohydrate and protein. Renal Function Tests. Urine Examination, stool examination.

**3. PATHOLOGY AND MICROBIOLOGY**

Principles of Inflammation. Principles of Carcinogenesis and Tumor spread. Markers in infective Hepatitis. Pathogenesis of Tuberculosis. Diagnosis of Tuberculosis. Immune system. Lifecycle and laboratory diagnosis Entamoeba, malaria. Culture media-types and uses. Immunity and immunology. Sterilization and disinfection. Bio-medical waste-sources, health hazards, methods of collection and disposal of it. Collection, storage and onward transmission of biological samples for laboratory procedures. Common epidemic causing organisms and methods of epidemic investigation. Examination of Urine for albumin and sugar. Examination of stool for ova and cyst of common helminths. Examination of blood for Hemoglobin, Bleeding time and clotting time, E.S.R., peripheral blood smear for Malaria parasites and haematology.

**4. FORENSIC MEDICINE**

Forensic Examination of Injuries and Wounds. Postmortem Examination of Homicidal Case.

**5. GENERAL MEDICINE**

Cardiology, Respiratory diseases, Gastro-intestinal, Genito-Urinary, Neurology, Hematology, Endocrinology, Metabolic disorders, Infections/Communicable Diseases:Virus, Rickets, Bacterial, Spirochetal, Protozoan, Metazoan, Fungus; Nutrition/Growth, Diseases of the skin (Dermatology), Musculoskelatal System, Psychiatry, General, Emergency Medicine, Common Poisoning, Snake bite, Tropical Medicine, Critical Care Medicine, Emphasis on medical procedures, Patho physiological basis of diseases, Vaccines preventable diseases and Non vaccines preventable diseases, Vitamin deficiency diseases, In psychiatry include – Depression, psychosis, anxiety, bipolar diseases and Schizoprenia.

## 6. PAEDIATRICS

Common childhood emergencies, Basic new born care, Normal developmental milestones, Accidents and poisonings in children, Birth defects and counseling including autism, Immunization in children, Recognizing children with special needs and management, and National Programmes related to child health.

## 7. SURGERY (INCLUDING ENT, OPHTHALMOLOGY, TRAUMATOLOGY & ORTHOPAEDICS)

General Surgery: Wounds, Infections, Tumors, Lymphatic, Blood vessels, Cysts/sinuses, Head and neck, Breast, Alimentary tract, Liver, Bile, Pancreas, Spleen, Peritoneum, Abdominal wall, Abdominal injuries; Urological Surgery, Neuro Surgery, Otorhinolaryngology E.N.T., Thoracic surgery, Orthopedic surgery, Ophthalmology, Anesthesiology, Traumatology, Diagnosis and management of common surgical ailments, Pre-operative and post-operative care of surgical patients, Medicolegal and ethical issues of surgery, Wound healing, Fluid and electrolyte management in surgery, Shock patho-physiology and management.

## 8. GYNAECOLOGY & OBSTETRICS

**OBSTETRICS:** Antė-natal conditions, Intra-natal conditions, Post-natal conditions, Management of normal labours or complicated labour

**GYNAECOLOGY:** applied anatomy, applied physiology of menstruation and fertilization, infections in genital tract, neoplasma in the genital tract, displacement of the uterus, Normal delivery and safe delivery practices, High risk pregnancy and management, Abortions, Intra Uterine growth retardation, Medicolegal examination in obgy and Gynae including Rape.

**FAMILY PLANNING:** Conventional contraceptives, U.D. and oral pills, Operative procedure, sterilization and organization of Programmes in the urban and rural surroundings, Medical Termination of Pregnancy.

## 9. PREVENTIVE SOCIAL AND COMMUNITY MEDICINE

Social and Community Medicine, Concept of Health, Disease and Preventive Medicine, Health Administration and Planning, General Epidemiology, Demography and Health Statistics, Communicable Diseases, Environmental Health, Nutrition and Health, Non-communicable diseases, Occupational Health, Genetics and Health, International Health, Medical Sociology and Health Education, Maternal and Child Health, National Health Programmes, common health problems, maternal and child wellness, community health problems including malnutrition and emergencies.

## 10. HEALTH SCENARIO OF GUJARAT STATE

Health statistics of Gujarat, Disease profile of Gujarat, Health monitoring including E-monitoring structure of Gujarat, Medical and Para Medical education in Gujarat, Occupational disease in Gujarat, Epidemic and endemic disease of Gujarat state, Health related institutions in Gujarat, Various Health programs, National Health Mission, National Rural Health Mission, National Urban Health Mission, WHO Role & Monitoring in various health programs, IEC activities of health, Communitisation activities like ASHA(Accredited Social Health Activist), Rogi Kalyan Samiti, Village Health and Sanitation committee etc.

11. CURRENT TRENDS AND RECENT ADVANCEMENTS IN THE FIELD OF MEDICAL SCIENCE AND GOVERNMENT HEALTH PROGRAMMES.

| Part-2 |
| --- |
| **Personal Interview** |
| **100 Marks** |

Deputy Municipal Commissioner
Gandhinagar Municipal Corporation

**Note:**

1) The objective type written test in Part-I shall consist of Multiple Choice Question (MCQ) and O.M.R. (Optical Mark Reader) system.
2) Every question shall be of one mark.
3) The candidate shall have to attempt all questions.
4) Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.
5) In every question there shall be one option as "Not attempted". If the candidate does not intend to answer the question, she may select this option. If the candidate selects this option, the negative marks shall not be given.
6) If the candidate has not selected any of the option given in the question. Then it shall carry a negative mark of 0.25.

Deputy Municipal Commissioner
Gandhinagar Municipal Corporation

પત્રક-૨

# Syllabus for Female Health Worker (FHW)

## Syllabus for written test

**Duration 1 hour 30 Minutes** **100 Marks**

| | | |
|---|---|---|
| 1. | History and Culture of Gujarat. | 10 Marks |
| 2. | Gujarati Grammar. | 10 Marks |
| 3. | English Grammar. | 10 Marks |
| 4. | Current Affairs of India and Gujarat, General Science, Quantitative Aptitude. | 20 Marks |
| 5 | Syllabus of Female Health Worker basic training course. | 50 Marks |
| | **Total** | **100 Marks** |

The Standard and the course content of the syllabus shall be of 12th Standard level.

**Note:**

**1)** The objective type written test shall consist of Multiple Choice Question (MCQ) and O.M.R. (Optical Mark Reader) system.

**2)** Every question shall be of one mark.

**3)** The candidate shall have to attempt all questions.

**4)** Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

**5)** In every question there shall be one option as "Not attempted". If the candidate does not intend to answer the question, she may select this option. If the candidate selects this option, the negative marks shall not be given.

**6)** If the candidate has not selected any of the option given in the question. then it shall carry a negative mark of 0.25.

Deputy Municipal Commissioner
Gandhinagar Municipal Corporation

પત્રક-૩

# Syllabus for Multipurposee Health Worker (MPHW)

(Male)

## Syllabus for written test

**Duration 1 hour 30 Minutes** **100 Marks**

| | | |
|---|---|---|
| 1. | Syllabus of Sanitary Inspector Certificate Course | 25 Marks |
| 2. | Syllabus of Multipurpose Health Worker Course | 25 Marks |
| 3. | History and Culture of Gujarat. | 10 Marks |
| 4. | Gujarati Grammar. | 10 Marks |
| 5 | English Grammar. | 10 Marks |
| 6 | Current Affairs of India and Gujarat, General Science, Quantitative Aptitude. | 20 Marks |
| | **Total** | **100 Marks** |

The Standard and the course content of the syllabus shall be of $12^{th}$ Standard level.

**Note:**

**1)** The objective type written test shall consist of Multiple Choice Question (MCQ) and O.M.R. (Optical Mark Reader) system.

**2)** Every question shall be of one mark.

**3)** The candidate shall have to attempt all questions.

**4)** Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

**5)** In every question there shall be one option as "Not attempted". If the candidate does not intend to answer the question, He may select this option. If the candidate selects this option, the negative marks shall not be given.

**6)** If the candidate has not selected any of the option given in the questionn, then it shall carry a negative mark of 0.25.

Deputy Municipal Commissioner
Gandhinagar Municipal Corporation

પરિ-૪

# Syllabus for Pharmacist

## Syllabus for written test

**Duration1 hour 30 Minutes** **100 Marks**

| | | |
|---|---|---|
| 1. | Gujarati Grammar | 10 Marks |
| 2. | English Grammar | 10 Marks |
| 3. | Quantitative Aptitude and Reasoning | 10 Marks |
| 4. | Current Affairs of India and Gujarat, Public Administration, General Science | 10 Marks |
| 5 | Gujarat Provincial Municipal Corporation Act, 1949 | 10 Marks |
| 6 | Store and Accounts in regards to Pharmaceuticals | 15 Marks |
| 7 | Questions with reference to Pharmacy and Pharmaceutical | 35 Marks |
| | **Total** | **100 Marks** |

**For Serial No. 1 to 4: -**

The standard and the course content of the syllabus shall be of a 12th Standard level.

**For Serial No. 6 to 7: -**

The standard and course content of the syllabus shall be of a diploma level.

**Note:**

1) The objective type written test shall consist of Multiple Choice Question (MCQ) and O.M.R. (Optical Mark Reader) system.
2) Every question shall be of one mark.
3) The candidate shall have to attempt all questions.
4) Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.
5) In every question there shall be one option as "Not attempted". If the candidate does not intend to answer the question, He/She may select this option, the negative marks shall not be given.
6) If the candidate has not selected any of the option given in the question , than it shall carry a negative mark of 0.25.

Deputy Municipal Commissioner
Gandhinagar Municipal Corporation

પત્રક- ૫

# Syllabus for Laboratory Technician

## Syllabus for written test

**Duration1 hour 30 Minutes** **100 Marks**

| | | |
|---|---|---|
| **1.** | Gujarati Grammar | 10 Marks |
| **2.** | English Grammar | 10 Marks |
| **3.** | Quantitative Aptitude and Reasoning | 10 Marks |
| **4.** | Current Affairs of India and Gujarat, Public Administration, General Science | 10 Marks |
| **5** | Gujarat Provincial Municipal Corporation Act, 1949 | 10 Marks |
| **6** | Chemistry — Bio Chemistry | 15 Marks |
| **7** | Micro Biology | 15 Marks |
| **8** | Laboratory Technician Course | 20 Marks |
| | **Total** | **100 Marks** |

**For Serial No.** 1 to 4: -

The standard and the course content of the syllabus shall be of a 12 h Standard level.

**For Serial No.** 6 to 7: -

The standard and the course content of the syllabus shall be of a degree level.

**For Serial No. 8: -**

The standard and the course content of the syllabus shall be of a Certificate Course level.

**Note:**

**1)** The objective type written test shall consist of Multiple Choice Question(MCQ) and O.M.R. (Optical Mark Reader) system.

**2)** Every question shall be of one mark.

**3)** The candidate shall have to attempt all questions.

**4)** Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

**5)** In every question there shall be one option as "Not attempted". If the candidate does not intend to answer the question, He/she may select this option. If the candidate selects this option, the negative marks shall not be given.

**6)** If the candidate has not selected any of the option given in the question, then it shall carry a negative mark of "0.25.

Deputy Municipal Commissioner
Gandhinagar Municipal Corporation